

# ગણપતિપુળેઃ સ્વયંભૂ ગણપતિસ્થાન

**ધર્મ દર્શન**
**બાળકૃષ્ણ વડનેરે**

ધર્મ સંસ્કૃતિને માનનારો માણસ કે સમાજ બારે માસ પ્રસન્ન જોવા મળે છે. આપણે બધાં જ ઉત્સવપ્રિય માણસો છીએ અને ઉત્સવો તો આવ્યા જ કરે છે. વળી આપણે સર્વધર્મસમભાવ રાખીને ચાલનારા માણસો છીએ તો હિન્દુધર્મના તહેવારો સાથે અન્ય ધર્મ, પંથના ઉત્સવોમાં પણ રસ લેનારા છીએ. હિન્દુ સંસ્કાર અને સંસ્કૃતિની આ વિશિષ્ટતા છે અને પોતાના ધર્મનું રક્ષણ આપણું કર્તવ્ય છે.

વારતહેવારો સાથે દર માસે આવતી પૂનમ, એકાદશી, આઠમ, સંકટ ચોથ પણ સનાતનીઓ ઉમંગ સાથે માણે છે, ઉપવાસ, ધ્યાન-ધારણા, પૂજન-અર્ચન કરે છે. ભાવિકોને વિશ્વાસ હોય છે કે આ પૂજનવિધિનું ફળ તેને મળવાનું જ છે.

દર મહિને વદ પક્ષમાં આવનારી ચતુર્થી, સંકટ ચોથ નામે છે. રાત્રે ચંદ્રદર્શન સાથે ગણેશપૂજા, શ્રી અથર્વશીર્ષ પાઠ કરીને આ સંકષ્ટી ચોથનો ઉપવાસ કરાય છે. ધારેલાં કાર્યમાં સફળતા, વિદ્યા અધ્યયનમાં પ્રગતિ, સંઘશક્તિ કાર્યમાં વિજય મેળવવા માટે આ ચોથનો ઉપવાસ યશદાયી નિવડે છે. શ્રી ગણેશ ભગવાનની કૃપા ફલિત થાય છે.

ભારતમાં અષ્ટવિનાયકોની સ્થાપના થઈ છે અને અષ્ટવિનાયક દર્શનયાત્રા માટે ભાવિકો જાય છે. મદ્રાસમાં 'વક્રતુંડ', કેરળમાં 'એકદંત', રામેશ્વર દક્ષિણ પાસે 'મહોદર', તંજાવરમાં 'ગજાનન', ગણપતિપુળે કોંકણમાં 'લંબોદર', કાશ્મીરમાં 'વિકટેશ્વર', હિમાલયમાં 'વિઘ્નરાજ' અને તિબેટમાં 'ધૂમ્રવર્ણ' નામે શ્રી ગણેશજીની પ્રતિમાઓ પ્રગટ છે અને મહારાષ્ટ્રમાં સ્વયંભૂ અષ્ટવિનાયકોનાં મંદિરો છે.

શ્રી ગણેશજી દેવના અનેક જાગૃત સ્થાનો છે. તેમાં મહારાષ્ટ્રના કોંકણ પ્રાંતમાં ગણપતિપુળે ગામમાં શ્રી ગણેશજીની જાગૃત મૂર્તિ છે, શ્રી ગણેશના આશીર્વાદ પ્રમાણે ટેકરી જેવો નાનો ડુંગર જ સ્વયં ગણપતિ છે અને ભક્તો તે ટેકરીની ચાલીને પ્રદક્ષિણા કરે છે. ટેકરીના નીચેના ભાગમાં તળેટીમાં ગણેશજીની સ્થાપના થઈ છે અને વિશાળ મંદિર બનાવ્યું છે.

આ ગણેશજીની સરસ કથા છે. પશ્ચિમ સાગર તટ પર ગણપતિપુળે ગામમાં સમુદ્રના સાન્નિધ્યમાં આ સિદ્ધિવિનાયક બિરાજમાન છે. આ પ્રદેશનું દુર્ભિક્ષ નિવારણ કરવા માટે સમૃધ્ધિ, વૈભવ, આયુષ્ય વર્ધન, આરોગ્ય અને સ્વચ્છતા પવિત્રતાના ઉચિત આયોજન માટે, ધર્મનું સંરક્ષણ કરવા માટે સ્વયં શ્રી ગણેશ ભગવાને ગણેશભક્ત ભીડે નામના બ્રાહ્મણના સ્વપ્નમાં જઈને પોતાના આગમનની વાત કરી અને પ્રગટ થયા છે. ભારતની આઠે આઠ દિશાઓમાં અષ્ટ દ્વાર દેવતા છે. એમાં પશ્ચિમદ્વાર દેવતારૂપે ગણપતિપુળે  દેવતા છે.

આશરે ૧૬૦૦ વર્ષ પૂર્વે સમૃદ્રતટ પાસેના એક ડુંગર પાસે આંકડા - કેવડાનું ઉપવન હતું. ભક્તરાજ ભીડે એક સંકટ નિવારણાર્થે એ ઉપવનમાં અન્ન-જળનો ત્યાગ કરીને શ્રીગણેશજી તપશ્ચર્યા કરવા લાગ્યા હતા અને ભીડેને સ્વપ્ન દ્રષ્ટાંત થયો કે બે ગંડસ્થળો અને દાંત સાથે હું સિદ્ધિવિનાયક પ્રગટ થવાનો છું. મારું નિરાકારરૂપ આ ડુંગર જ છે. મારી શાસ્ત્રપ્રમાણિત સ્થાપના કરજો. હું લોકકલ્યાણ માટે અને સનાતન ધર્મના રક્ષણ માટે પ્રગટ થવાનો છું (સ્વયં ગણેશ ઉવાચ.)

ભીડેજી ગણેશજીની શોધમાં નીકળ્યા તો એમણે જોયું કે પોતાની ગાય એક જગ્યાએ પોતાના દૂધનો અભિષેક કરે છે અને તે જગ્યાએ ભીડેએ સ્વપ્નમાં જોયેલી પથ્થરની શિલા દેખાઈ, જેના પર બે ગંડસ્થળ અને દાંતની આકૃતિ હતી. સ્વપ્ન દ્રષ્ટાંતની ખાત્રી થતાં ભીડેજી એ જ સ્થાન પર વિધિવત્ રીતે સ્વયંભૂ ગણેશજીની તે પથ્થરની શિલાની સ્થાપના કરીને રોજ પૂજન, અર્ચન કરવા લાગ્યા. આજે એ જ સ્થાને ગણેશમૂર્તિનું નયન મનોહર મંદિર છે, સામે જ સમુદ્રનો વિશાળ પરિસર બધું જ રમણીય છે. ભરતીના સમયે સાગરની લહર શ્રી ગણેશના દર્શને આવે છે.

પુળવળીનું ભવ્ય મેદાન, ડુંગરની તળેટીએ શ્રી ગણેશનું પવિત્ર સ્થાન એટલે ગણપતિપુળે નામથી એ સ્થાન પ્રસિધ્ધ બન્યું છે. ભક્તોની બધી ઈષ્ટ કામનાઓ શ્રી ગણેશ પૂર્ણ કરે છે. એ સ્થાન પર ખાવા-પીવા, રહેવાની બધી જ સગવડો છે. દૈવ-દેવ

> **મહારાષ્ટ્રના કોંકણ પ્રાંતમાં ગણપતિપુળે ગામમાં શ્રી ગણેશજીની જાગૃત મૂર્તિ છે, ટેકરી જેવો નાનો ડુંગર જ સ્વયં ગણપતિ છે અને ભક્તો તે ટેકરીની ચાલીને પ્રદક્ષિણા કરે છે, ટેકરીના નીચેના ભાગમાં તળેટીમાં ગણેશજીની સ્થાપના થઇ છે અને વિશાળ મંદિર બનાવ્યું છે**


સહવાસ મન:શાંતિનો અપૂર્વ લાભ ત્યાં મળે છે. સ્વયં સિધ્ધિવિનાયકનું ત્યાં વાસ્તવ્ય છે.

ઈશ્વરનો મહિમા અને અનુભૂતિનો પ્રત્યક્ષ પરચો ત્યાં જોવા મળે છે. નિ:સ્વાર્થ, નિષ્કલંક ભક્તને ગણેશ દર્શન થાય છે.

પ્રકૃતિનો વૈભવ, નિસર્ગ સૌંદર્ય અને ભારતની પશ્ચિમ દિશાનું મહાદ્વાર તરીકે ગણપતિપુળે દર્શનીય સ્થાન છે. જ્યાં સ્વયં સિધ્ધિવિનાયક પધાર્યા છે.

---

# ગોપી ગીત



**પંચામૃત**
**નીલાક્ષી પરીખ**

મિત્રો, ગોપી ગીતની યાત્રા પૂ. ગુરુદેવની કૃપાથી આગળ વધારીએ. ગોપીઓ કહે છે - મારવા જ હતા તો બચાવ્યા શું કામ? ભગવાન પૂછે ક્યારે? ગોપીઓ કહે - અનેકોવાર તમે અમારી રક્ષા કરી છે. કાલિયાના વિષથી, વિષયુક્ત જળથી, અગ્નિથી, દાવાગ્નિથી, વર્ષાથી, ઈન્દ્રના કોપથી, અનેક અસુરોથી તમે અનેકવાર અમારી રક્ષા કરી. કેમ બચાવ્યા? મરવા દેત. જો અમને બચાવ્યા જ તો વિયોગમાં તડપાલ તડપાવીને કેમ મારો છો? અમે જાણીએ છીએ કે તમે કેવળ યશોદાના પુત્ર નથી. 'ન ખલુ ગોપિકાનન્દનો ભવાનખિલ દેહીનામન્તરાત્મદ્રૂક્ | વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્ સાત્વતાં કુલે ||' આપ માત્ર યશોદાનંદન જ નથી. તમે પ્રાણીમાત્રના હૃદયમાં રહેનાર નારાયણ છો. અંતર્યામી છો. બ્રહ્માજીની પ્રાર્થનાથી ગૂંજરૂપમાં તમે સાત્વત કુળમાં જન્મ્યા છો. ગોપી ભણે છે કે યશોદાના હેન્ડસમ પુત્રની પાછળ લટ્ટૂ નથી. પ્રાણીમાત્રના હૃદયમાં બિરાજમાન નારાયણ સૌની ભીતર છે, બહાર છે. અંતર્યામી અને કાળસ્વરૂપ ભગવાન. અંતર્યામી, શ્વાસ ચલાવે, હૃદય ધબકે. માના ગર્ભમાં હોય ત્યારેથી ધબકે છે. દિવસ રાત દિલ ધડકે છે. લોહીનું શુદ્ધિકરણ થઈ અંગ-અંગમાં પહોંચે છે, ભીતરનું ચૈતન્ય નારાયણનું અંતર્યામી સ્વરૂપ. મનના ભાવને સમજે છે. બહાર કાળસ્વરૂપ છે એ આયુષ્યને હરે છે. માટે ઘસાઈ જાય છે શરીર. કાળ આયુષ્યનું હરણ કરે છે, 'આયુર્નશ્યતિ . . .' ભગવદ્ ગીતાના ૧૧મા અધ્યાયમાં કાળસ્વરૂપ પરમાત્મા અર્જુનને કહે છે વિશ્વ સ્વરૂપ બતાવે છે. કરાલ અર્થાત્ ભયંકર. મહાકાલ ઉજ્જૈનના મહાકાલેશ્વર ભગવાનની જે. હર હર મહાદેવ. ગોપીઓ જેના અનુરાગમાં બધું છોડીને ગઈ એ કોઈ લૌકિક પુરુષ નથી, આ લૌકિક પ્રેમ નથી, આ ભક્તિમાં જે કોઈ ફોર્સિસ રોકે તેને ઓવરટેક કરી પહોંચવાનું છે. ભરતજીએ કૈકેયી મા ની વાત ન માની.

બલિએ શુક્રાચાર્યની ગુરુની વાત ન માની, પ્રહલાદે પિતાનો ત્યાગ કર્યો, આ માનવ શરીર એક તક છે. ભગવાન પ્રાપ્તિ માટે શરીર એક અવસર છે. કરોડો કામ છોડીને હરિને ભજી લઈએ કારણ? 'હરિ ભજન બિના સુખ-શાંતિ નહીં, પ્રભુ નામ વિના આનંદ નથી.'

વેણુગીતનું પરિણામ કે છે કે ગોપી ચિન્મય કૃષ્ણમાં તન્મય થઈ. પછી ભગવાનમાં અનુરાગ થતાં બધું છોડી ભગવાન ના આમંત્રણ કોલથી મળવા જાય. ભગવાન પ્રેમની પરીક્ષા કરે. સાચા સોનાને તપવું પડે. એ ઊજળું બની બહાર આવે. તમને ખબર છે ને કે આપણે ત્યાં ખોટા નાળિયેર, મોતીવાળા શૉકેસમાં શોભે. અને પાણીવાળા નાળિયેર વધેરાય. નાળિયેર લેતાં પહેલાં પાણી છે એ ખખડાવી ખખડાવીને જોઈએ છીએ ને? પાણીદાર નાળિયેરની જેમ પાણીદારનાં બલિદાન થાય. સાચા માણસોની કસોટી થઈ છે. જિસસ ને ક્રોસ પર ચઢવું પડ્યું, સોક્રેટીસ, મીરાને ઝેર પીવું પડ્યું, મંસૂર ને શૂળીએ ચઢવું પડ્યું. પણ આ સૌ આજે પણ છે અમર છે. સત્યની કસોટી થાય, ભગવાન કસોટી કરે.

પાર્વતીએ શિવજીની પ્રાપ્તિ માટે તપ કર્યું છે. ભગવાન વિષ્ણુ સ્વયં શિવજીને કહે છે - તમે વરો, લગ્ન કરો. મહાદેવ કહે - આપ મારા સ્વામી છો. ભલે. વિષ્ણુ ભગવાન કહે - હૃદયમાન્ય કરો. શિરોમાન્ય નહીં. હસ્તમેળાપ નહીં, હૃદયમેળાપ થવો જોઈએ. હસ્તમેળાપ થાય પણ હૈયામૈળાપ ન થાય તો? મહાદેવે માન્ય રાખ્યું. સપ્તર્ષિ પરીક્ષા કરે છે. પાર્વતીના પ્રેમની તપસ્યા છતાં ખાવાનું, પાણી, સૂકાપાન એ પણ બંધ કર્યું.

આકાશવાણીએ આશ્વાસન પણ આપ્યું. ભગવાન વિષ્ણુએ તૈયાર પણ કર્યા છતાં સપ્તર્ષિ દ્વારા પરીક્ષા! પ્રેમને કસોટીની એરણ પર ચઢવું પડે છે. ગોપીઓની પણ ભગવાન કસોટી કરે છે. કે તમે ભાઇ, પતિની એવા છોડી એમની રજા વગર આવ્યા છો. ભગવાન સમજાવે. પતિ રોગી, નિર્ધન, દરિદ્ર હોય તો પણ પતિનો ત્યાગ ન કરવો- ભગવાન ગોપીઓને કર્તવ્ય સમજાવે છે તો ગોપીઓને ધક્કો લાગે છે. કહે છે - તમે વાંસળી વગાડી બોલાવ્યા હવે પૂછો છો કેમ આવ્યા? નોતરું દઈ ભૂલી ગયા પ્રભુ! શરદ પૂનમે મળીશું, આવ્યા તો સ્વાગત કર્યું પછી કહે કે આ સમયે આવ્યા એ ઠીક નહીં. ભગવાન ઉપદેશ આપે કે ઘરે પાછા જાવ. ધર્મનું પાલન કરો- બધું જ છોડીને આવી છે ગોપી. ધર્મનો એક અર્થ છે - કર્તવ્ય. ભગ્ન સંકલ્પા. ગોપીઓનું સુંદર શબ્દચિત્ર છે - ભાગવતમાં. અદબ વાળી છે, મોંઢું નીચું છે, આંખ આંસુથી ડબડબે છે. ધરતી સામે જોઈ અંગૂઠાથી ધરતી ખોદે છે. જાણે મોંઢે બોલાતું નથી પણ ધરતી પર લખી કહેવા માંગે છે. પ્રણયગીત ગાય છે. શાસ્ત્રાર્થ થાય છે ધર્મનું પાલન કરવું જોઈએ- ઘર છોડી ન અવાય. ધર્મ એટલે સંયમ, મર્યાદા. પણ તમે સમજાવો પ્રિયતમ! ધર્મનું પાલન ન કરે તો પશુ સમાન બને. પ્રભુ,

> **ગોપીઓ જેના અનુરાગમાં બધું છોડીને ગઇ એ કોઇ લૌકિક પુરુષ નથી, આ લૌકિક પ્રેમ નથી, આ ભક્તિમાં જે કોઇ ફોર્સિસ રોકે તેને ઓવરટેક કરી પહોંચવાનું છે**

ધર્મનું પાલન કરવાથી શું થાય? મન પવિત્ર બને. ગોપી કહે- મન શુદ્ધ થાય તો શું થાય? મારા માટે પ્રેમ જાગે. ગોપી કહે- ભક્તિ જાગે તેનું ફળ શું? કહે- હું ભક્તિરૂપ મળું. ગોપી કહે- ઠીક છે પણ અમને તમે પ્રાપ્ત થયા હવે પાછા જવાનું કહો છો? ગ્રેજ્યુએટ થયા પછી ફરી કે.જી. માં થોડું જવાનું? તમે કહો છો- બધા ધર્મ છોડીને મારી પાસે આવ. મા શુચ- શોક ન કર. મૈં હૂં ના. હવે તમે જાકારો આપો- કઠોર ન બનો. અમે ધર્મનું પાલન કર્યું એટલે તો તમારામાં અનુરાગ થયો. 'કભી ભૂલૂ ના, યાદ તુમ્હારી રખું. તેરે નામમેં સાંજ સવેરે રાધારમણ મેરે, રાધારમણ મેરે. શિર મોર મુકુટ, કાનોમેં કુંડલ દો ચંચલ નૈન ક્યારે, મુખ કમલ યે ભૌંરે બન કેશ લહેરાય કારે કારે, હો જાઓ પ્રગટ મમ હૃદયમં કરો, દિલ કે દૂર અંધેરે. રાધારમણ મેરે, રાધારમણ મેરે.'

[ગુરુવર્ય પૂ. શ્રી રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈજી) ના સત્સંગને આધારે]